**-:: આંક-પ ની અરજી લગત હુકમ ::-**

(૧) વાદીના વકીલશ્રીને સાંભળ્યા, પ્રતિવાદી ના વકીલશ્રીને સાંભળ્યા, રેકર્ડ વંચાણે લીધુ.

વાદીની હાલની અરજીની ટૂંકમા હકીકત એવી છે કે, મોજે ગામ-વજેલાવ, તા.ગરબાડામાં બે સર્વે નંબર વાળી જમીનો રે. સ. નં.૧૨૩/૧ જે ૧-૨૯-૭૮ હે. આરે. ચો. મી.ના માપની તથા બીજી જમીન રે. સ. નં.૧૨૫/૧ જે ૦-૦૩-૦૦ હે. આરે. ચો. મી.ના માપની તથા પેરા.૨ મા જણાવેલ ચાર ખુંટ વર્ણનવાળી દાવાવાળી જમીનમાં આ કામના પ્રતિવાદીઓ ૨૦ થી ૨૫ દિવસ ઉપર દાવાવાળી જમીન ઉપર આવી દાવાવાળી જમીનો બળ જબરીથી કબજો કરી લેવાની કોશીષ કરી અને ઝગડો તકરાર કરી ખેતીના કામમાં અંતરાય કરેલ. જેથી પ્રતિવાદીઓ પોતે જાતે કે તેમના માણસો, નોકરો, એજન્ટો, અધિકારીઓ, મળતીયાઓ મારફતે દાવાવાળી જમીનમા પ્રવેશ કરે-કરાવે નહી કે દાવાવાળી જીમનમા ઘુસી આવે નહીં કે દાવાવાળી મિલકતનો કોઈ પણ ભાગનો કબજો કરે કરાવે નહીં કે દાવાવાળી મિલકતમાં વાદીને ખેતી કરતા રોકે રોકાવે નહીં કે ખેતીના કામમાં કોઈ પણ રીતે આડ-અડચણ, હેલો, હરકત કરે કરાવે નહીં, તેવો આ દાવાના આખરી નિકાલ સુધી વાદીઓના લાભમાં કામચલાઉ મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે.

(૨) વાદીઓએ પ્રતિવાદીઓ વિરુધ્ધ દાવો દાખલ કર્યા બાદ પ્રતિવાદીઓને દાવાનો સમન્સ અને આંક-પ અન્વયે નોટીસ ઈસ્યુ કરતાં તે પ્રતિવાદીઓને બજી જતાં પ્રતિવાદીઓ તેઓના વિ. વકીલ શ્રી મારફતે હાજર થયેલ છે અને આંક:૧૨ થી વાદીના દાવા અરજી તથા મનાઈ અરજી સામે પ્રતિવાદી ઓએ હાજર થઈ લેખીત જવાબ આપેલ છે. જેમા મુખ્યત્વે તેઓ એવુ જણાવે છે કે, દાવા અરજી તથા મનાઈ અરજીમાં જણાવેલ તમામ હકિકતો એકદમ જુઠાણી, ઉપજાવી કાઢેલી છે. તેથી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી ચાલવા પાત્ર નથી. વાદીએ પેઢીનામુ અધુરૂ રજુ કરેલ છે અને પેઢીનામામા પ્રતિવાદી નં.૧,૨,૩ નાઓ કાયદેસરના વારસદારો હોવા છતાં દર્શાવેલ નથી. વાદીએ તેમના પ્લીડીંગમાં ખાતા નંબર તથા સર્વે નંબર ખોટા દર્શાવેલ છે અને વાદીઓને તેની ખબર જ નથી. સાચા ખાતા નં.૨૨૯ તથા રે. સ. નં.પ તથા ૧૩ આવેલ છે. દાવાવાળી મિલકતમા પ્રતિવાદીઓ વર્ષોથી ૧/૨ ભાગમા ખેતીકામ

કરતા આવેલ છે અને ખેતી વાવેતર કરી ઉપજ નિપજ લેતા આવેલ છે અને હાલમા સ્થળ ઉપર પ્રત્યક્ષ કરબજો ભોગવટો ધરાવે છે. પ્રતિવાદીઓને વાદી જોડે કયારેય તકરાર કે ઝગડાનું સ્વરૂપ ઉભું થયેલ પણ નથી અને અનલીગલી રીતે દાવો કરી મનાઈની માંગણી કરેલ છે તથા રેવન્યુ ઓથોરીટી મુજબ વાદીઓ ૭/૧૨, ૮–અ માં જમીનમા રેકર્ડ ઉપર હસ્તલીટીમાં કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. નોંધ નં.૧૫૫ તા.૨૬/૦૫/૧૯૪૪ ના રોજ દલસીંગ વીછીયા એટલે કે, પ્રતિવાદીની માતાના પિતાનુ અવસાન થતા, પ્રતિવાદીની માતા વાલીબેનની વારસાઈ કરવામાં આવેલ અને લોન નં.૯૫૪ તા.૦૮/૦૮/૧૯૮૧ ના રોજ ૭૩એ.એ.ની નોંધમાં પ્રતિવાદીની માતા વાલીનો કાયદેસર ઉલ્લેખ કરવામાં આવેલ છે અને ૧૯૪૨–૪૩ થી આજદિન સુધીના તમામ ૭/૧૨, ૮–અ ના ઉતારામા તથા હસ્તલીટીમા પ્રતિવાદીની માતાના નામનો ઉલ્લેખ પણ છે અને દલસીંગ વીછીયા બારીયાને કોઈ પુત્ર સંતાન ન હોઈ અને વસ્તારમા માત્ર બે દિકરીઓ હતી અને બંને દિકરીઓને દાવાવાળી મિલકતમા સમાન હકક આપવામાં આવેલ છે અને પ્રતિવાદીના પિતા પારસીંગને ઘરજમાઈ તરીકે રાખેલ છે, તે વાત તદન ખોટી છે. પ્રતિવાદીની માતાનું મરણ થતાં મામલતદાર, ગરબાડાનાઓ દ્વારા નોંધ નં.૧૭૭૯ તા.૩૦/૦૭/૨૦ ના રોજ પ્રતિવાદી નં.૧, ૨, ૩ ની વારસાઈ કરાવેલ છે અને પ્રતિવાદીઓનો સ્થળે કબજો ભોગવટો આવેલ છે. આમ, પ્રતિવાદીઓ આ મિલકતમા કાયદેસરના હકકદાર છે અને વાદીઓએ ઘણા મોટા લીટીગેશનમા ઉતારી, પ્રતિવાદીઓને ઘણું મોટું નુકશાન થયેલ હોઈ, વાદીઓ પાસેથી રૂા.૫,૦૦,૦૦૦/– વળતર અપવવા તથા વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામના વાદીઓ તર્ફે તેઓની મનાઈ અરજીનાં સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

**<u>વાદી તર્ફે આંક:૦૩ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવા.</u>**

| કમ નંબર | નામ. | નિશાની. |
|---|---|---|
| ૧ | નોંધ નં.૨૩૭ ની ઝરોક્ષ કોપી. | ૩/૧ |
| ૨ | નોંધ નં.૫૨૧ ની ઝરોક્ષ કોપી. | ૩/૨ |
| ૩ | નોંધ નં.૧૪૨૦ ની ઝરોક્ષ કોપી. | ૩/૩ |

| | | |
|---|---|---|
| ૪ | ખાતા નં.૨૨૯ નો ઉતારો. | ૩/૪ |
| ૫ | રે. સ. નં.૧૨૩/૧ ની ૭/૧૨ ની નકલ. | ૩/૫ |
| ૬ | રે. સ. નં.૧૨૫/૧ ની ૭/૧૨ ની નકલ. | ૩/૬ |
| ૭ | રે. સ. નં.૧૨૩/૧ ની ૭/૧૨ ની નકલ. | ૩/૭ |
| ૮ | રે. સ. નં.૧૨૫/૧ ની ૭/૧૨ ની નકલ. | ૩/૮ |
| ૯ | રે. સ. નં.૧૨૩/૧ ની ૭/૧૨ ની નકલ. | ૩/૯ |
| ૧૦ | રે. સ. નં.૧૨૫/૧ ની ૭/૧૨ ની નકલ. | ૩/૧૦ |
| ૧૧ | ૭/૧૨ તથા ૮–અ ના ઉતારામા નામ દાખલ કરવાની અરજી. | ૩/૧૧ |
| ૧૨ | રે.સ.નં.૧૨૩/૧ તથા ૧૨૫/૧ માથી વાલીબેનનુ નામ કમી કરવાની અરજી. | ૩/૧૨ |
| ૧૩ | નોંધ નં.૧૭૭૯ ની ઝરોક્ષ કોપી. | ૩/૧૩ |
| ૧૪ | નોંધ નં.૧૭૭૯ ના વાંધા. | ૩/૧૪ |

**<u>વાદીઓ તર્ફે આંક:૧૪ ના લીસ્ટથી મૌખીક પુરાવા.</u>**

| **ક્રમ નંબર** | **નામ.** | **નિશાની.** |
|---|---|---|
| ૧ | ત્રાહિત સુરતાનભાળ ભતરીયાભાઈ ડામોરનું સોગંદનામુ | ૧૪/૧ |
| ૨ | ત્રાહિત હીરાભાઈ ભગાભાઈ ડાંગીનું સોગંદનામુ | ૧૪/૨ |
| ૩ | ત્રાહિત ભગનભાઈ બચુભાઈ ડામોરનું સોગંદનામુ. | ૧૪/૩ |
| ૪ | ત્રાહિત હીમસીંગભાઈ નરસીંગભાઈ ડામોરનું સોગંદનામુ. | ૧૪/૪ |
| ૫ | ત્રાહિત રૂપલાભાઈ સીસ્કાભાઈ બારીયાનું સોગંદનામુ. | ૧૪/૫ |
| ૬ | ત્રાહિત નટવરભાઈ માનસીંગભાઈ ડામોરનું સોગંદનામુ. | ૧૪/૬ |

(૪) આ કામના પ્રતિવાદીઓ તર્ફે તેમના જવાબનાં સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

**<u>પ્રતિવાદીઓ તર્ફે આંક:૧૩ ના લીસ્ટથી મૌખીક પુરાવા.</u>**

| **ક્રમ નંબર** | **નામ.** | **નિશાની** |
|---|---|---|

| | | . |
|---|---|---|
| ૧ | ત્રાહિત રામાભાઈ તીતરીયાભાઈ ડામોરનું સોગંદનામુ | ૧૩/૧ |
| ૨ | ત્રાહિત સબુરભાઈ રૂમાલભાઈ ડામોરનું સોગંદનામુ | ૧૩/૨ |

**<u>પ્રતિવાદી તર્ફે આંક:૧૬ તથા આંક:૧૮ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવા.</u>**

| ક્રમ નંબર | નામ. | નિશાની. |
|---|---|---|
| ૧ | નોંધ નં.૧૫૫, તા.૧૩/૮/૭૪ ની વારસાઈ નોંધની નકલ. | ૧૬/૧ |
| ૨ | નોંધ નં.૯૫૫ ની ૭૩એએ.ની અવિરત નોંધની નલક. | ૧૬/૨ |
| ૩ | ૭/૧૨ તથા ૮–અ ની નકલ. | ૧૬/૩ |
| ૪ | ખાતા નં.૨૨૯, રે.સ. નં.૫ તથા ૧૩ માં વારસાઈ નોંધ નં.૧૭૭૯ ની નકલ. | ૧૮/૧ |

(૫) ત્યારબાદ વાદી તર્ફે વિ. વકીલ શ્રી દલીલ કરતા જણાવે છે કે, વાદગ્રસ્ત જમીન ગામ વજેલાવ, તા.ગરબાડાના રે. સ. નં.૧૨૩/૧ અને ૧૨૫/૧ ના મૂળ માલિક અને કબજેદાર મર્હૂમ દલસીંગભાઈ વિછીયાભાઈ બારીયા હતા અને તેમના મરણ બાદ સદર જમીન તેમની બે પુત્રી પૈકી મર્હૂમ મંગળીબેનને વારસાઈમા મળેલ છે અને બીજી પુત્રી વાલીબેનને એક દિકરી કેસરીબેનને મળવા પાત્ર થાય છે. હાલના પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓનો વાદગ્રસ્ત જમીનમાં કોઈ હકક, હિત, હિસ્સો ન હોઈ, તેઓને વાદગ્રસ્ત જમીનમાં કોઈ લેવાદેવા નથી અને વધુમાં વાદીના વિ. વકીલ શ્રી જણાવે છે કે, મર્હૂમ દલસીંગભાઈ વીછીયાભાઈ બારીયાનું ભરણ પોષણ અને પાલન પોષણ મર્હૂમ મંગળીબેન કરતા હોઈ, જેથી તેની તમામ જમીન ઉપર મર્હૂમ મંગળીબેનનો દાવો થાય છે અને વાદીઓ તેના કાયદેસરના વારસદાર હોઈ, તે વાદગ્રસ્ત જમીનના માલિક અને કબજેદાર થાય છે. આ કામના પ્રતિવાદી નં.૧ થી ૩ લીમડી મુકામે રહે છે અને પ્રતિવાદી નં.૪ અને ૫ નો કોઈ લાભ, ભાગ કે હકક, હિત, હિસ્સો વાદગ્રસ્ત જમીનમા નથી. મર્હૂમ વાલીબેનના પ્રથમ લગ્ન કાયદેસર છે અને તેની પુત્રી કેસરીબેનનો હકક, હિત, હિસ્સો હોવાનુ અમો કબુલ મંજુર રાખીએ છીએ બાકીના પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ તેના કાયદેસરના લગ્ન થકી ન થયેલ હોઈ, તેનો કોઈ હકક, હિત, હિસ્સો નથી. સદર જમીન ઉપર અમો વાદીઓ આજદિન સુધી ઉપજ નિપજ લેતા આવેલ છીએ. પ્રતિવાદી નં.૧

થી ૩ આજદિન સુધી સદર જમીન ઉપર આવેલ પણ નથી, જે તમામ હકિકત ધ્યાને લઈ અમારો પ્રથમ દર્શનીય કેસ છે, બેલેન્સ ઓફ કન્વીનન્સ અમારા લાભમા છે, જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામા ન આવે તો નાણાંમા ન ભરપાઈ થઈ શકે તેવુ નુકશાન અમો વાદીઓને થાય તેમ હોઈ, જેથી સદર અરજી મંજુર કરી માંગ્યા મુજબની દાદ આપવા અરજ ગુજારેલ છે.

(૬) ત્યારબાદ પ્રતિવાદીઓ તરફેના વિ. વકીલ શ્રી દલીલ કરતા જણાવે છે કે, વાદગ્રસ્ત જમીનમા અડધો હિસ્સો મર્હૂમ વાલીબેન માલિક અને કબજેદાર હોઈ અને વર્ષોથી અડધા હિસ્સા ઉપર તેમનો કબજો ભોગવટો હોઈ, જેથી તેના અમો પ્રતિવાદી નં.૧ થી ૩ ના કાયદેસરના સંતાન હોઈ વાદગ્રસ્ત જમીનના અડધા હિસ્સા ઉપર પ્રતિવાદી નં.૧ થી ૩ નો હકક, હિત, હિસ્સો છે અને પ્રતિવાદી નં.૪ અને ૫ ને આ જમીનમા કોઈ લેવાદેવા નથી. પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ વાદગ્રસ્ત જમીનના અડધા હિસ્સા માટે એન્ટ્રી નં.૧૭૭૯ થી કાચી એન્ટ્રી પણ પડેલ છે. જે હકિકત ધ્યાને લઈ સદર અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૭) ઉપરોકત હકીકતે વાદીઓની આંક–૫ ની કામચલાઉ મનાઈ અરજીના નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુ દ્દા ::–**

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

૩. શું દાવા દરમ્યાન મનાઈ હુકમ આપવામા ન આવે તો વાદીને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન થવા સંભવ છે ?

૪. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નીર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. હકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નંબર : ૧ થી ૩ ની ચર્ચા :-**

(૯) ઉપરોકત તમામ મુદ્દાઓની હકીકતો પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોઈ, બીન જરૂરી પુનરાવર્તન અટકાવવાના હેતુસર આ તમામ મુદાઓની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

(૧૦) બંને પક્ષકારોનો પુરાવો અને દલીલ ધ્યાને લેતા વાદગ્રસ્ત જમીન રે. સ. નં.૧૨૩/૧ અને રે. સ. નં.૧૨૫/૧ નો અડધો હિસ્સો વાદીઓનો હોઈ, તે બાબતે બંને પક્ષકારોને તકરાર નથી, ફકત તકરાર અડધા હિસ્સાની છે. વાદીઓ અને પ્રતિવાદીઓ તરફે જે એડીડેવીટ અલગ અલગ વ્યકિતઓની રજુ કરવામાં આવેલ છે, તે પુરાવાનો વિષય હોઈ, હાલના તબકકે ધ્યાને લેવાય તેમ નથી અને પ્રતિવાદી તરફે તકરારી જમીનમાં પડેલ નોંધ નં.૧૭૭૯ કાચી નોંધ હોઈ, તે પાકી થયેલ નથી. સદરહું તકરારી જમીન ઉપર પ્રતિવાદી નં.૧ થી ૩ ના ઓનો હકક, હિત, હિસ્સો હોઈ અને પ્રતિવાદી નં.૧ થી ૩ ના વાલીબેનના કાયદેસરના સંતાન હોઈ, તે મહત્વની તકરાર છે અને આ તકરાર પુરાવા લીધા સિવાય નકકી થઈ શકે તેમ નથી. સામે તકરાર જમીનના અડધા હિસ્સાની જ તકરાર છે. તેની ઉપર કયાં પક્ષકારનો કબજો છે, તે પણ રેકર્ડ ઉપરના પુરાવા ઉપરથી સ્પષ્ટ થતું ન હોઈ, તે પુરાવાનો વિષય છે સાથે વાલીબેનની પ્રથમ દિકરી કેસરીબેને પોતાનો હિસ્સો માંગેલ હોય, તેવું પણ રેકર્ડ ઉપર નથી. જે તમામ હકિકત ધ્યાને લેતા હાલની હકિકતલક્ષી અને કાયદાલક્ષી તકરાર પુરાવો લીધા સિવાય નકકી થઈ શકે તેમ નથી.

(૧૧) પ્રતિવાદી નં.૪ અને ૫ નાને સદરહું તકરારી જમીન સાથે કોઈ લેવાદેવા ન હોઈ, જેથી તેનો કોઈ હકક, હિત, હિસ્સો તકરાર સાથે સંકડાયેલ ન હોઈ, જેથી તેમના વિરૂધ્ધ સદર મનાઈ અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાય છે. પરંતુ પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તકરાર સાથે સંકડાયેલ હોઈ, પરંતુ તકરારનુ નિરાકરણ પુરાવો લઈને નકકી થઈ શકે તેમ હોઈ, જે હકિકત ધ્યાને લઈ, વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે, બેલેન્સ ઓફ કન્વીનન્સ વાદીના

લાભમા છે. પરંતુ વાદીનો હિસ્સાની અડધી જમીન વાદીના કબજા હોઈ, જે બિનતકરારી હોઈ, જેથી નાણાંમા ન ચૂકવી શકાય તેવુ કોઈ નુકશાન વાદીને થવાની સંભાવના નથી. જેથી દાવાનો નિકાલ ન થાય ત્યાં સુધી પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ તકરારી જમીનની યથાવત પરિસ્થિતિ જાળવી રાખે તેવો હુકમ કરવો ન્યાયોતિ જણાતું હોઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) સદરહું અરજી પ્રતિવાદી નં.૧ થી ૩ સામે અંશત: મંજુર કરવામાં આવે છે અને પ્રતિવાદી નં.૪ અને ૫ સામે મંજુર કરવામાં આવે છે.

(૨) સદરહું દાવાના આખરી નિકાલ ન થાય ત્યાં સુધી વાદીઓ અને પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ યથાવત પરિસ્થિતિ જાળવવી, તેવો હુકમ ફરમાવવામાં આવે છે.

(૩) આ દાવાના આખરી નિકાલ ન થાય ત્યાં સુધી પ્રતિવાદી નં.૪ અને ૫ નાઓ તકરારી જમીનમાં જાતે કે તેમના માણસો, નોકરો, એજન્ટો તેમજ મળતીયાઓ મારફતે પ્રવેશ કરવો કે કરાવવો નહીં તેમજ વાદીઓને અડચણો કરવી નહીં તેવો મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.

(૪) અરજીનો ખર્ચ દાવાના આખરી નિકાલને અનુસરશે.

આ હુકમ આજરોજ તારીખ : ૦૧ લી, માંહે ઓકટોમ્બર : સને : ૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૦૧ /૧૦ /૨૦૨૦
સ્થળ : ગરબાડા.

(કપિલ રાજમણી યાદવ )
પ્રિન્સીપાલ સીવીલ જજ,
ગરબાડા.
કોડનં.જી.જે.૦૧૪૨૧.